# CSSC-GS-I-VRS-2016

## GENERAL STUDIES : PAPER-I

**A**

1606737

Do not open this booklet until you are asked to do so.

તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.

Total Marks : 200

Time Allowed : 2 Hours

**Read the Following Instructions Carefully**
**(નીચેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો)**

(1) Please write **Seat No., Question Booklet Number, Question Paper Series Number, Category and PH (Yes/No)** on answer sheet (OMR Sheet) without fail.
(તમારો **સીટ નંબર, પ્રશ્નપત્ર બુકલેટ નંબર, પ્રશ્નપત્ર સીરીઝ નંબર, કેટેગરી અને વિકલાંક (હા/ના)** જવાબવહી પર કોઈ પણ જાતની ભૂલ વગર અવશ્ય લખો.)

(2) Each question carries 2 marks. Wrong answer or more than one answer in one question will carry **33% (1/3 Marks) negative marking**.
(દરેક પ્રશ્નના 2 ગુણ છે. ખોટા જવાબ અથવા એક કરતાં વધુ જવાબ માટે **33% ગુણ (1/3 ગુણ) નકારાત્મક ગુણ ધરાવે છે.**)

(3) You have to mark (●) the right alternative **(A or B or C or D)** for each question in the answer sheet with **Blue/Black ballpoint pen** only.
(તમારે જવાબવહીમાં દરેક પ્રશ્ન માટેનો યોગ્ય વિકલ્પ **(A અથવા B અથવા C અથવા D)** પસંદ કરી **કાળી/વાદળી બોલપોઈન્ટ પેન** વડે ચિહ્નિત (●) કરવું.)

(4) Rough work, if any; be done on the last blank page of Question Paper.
(કોઈ પણ જાતનું રફ કાર્ય પ્રશ્નપત્રના અંતિમ કોરા પેજ પર જ કરવાનું રહેશે.)

(5) **In case of confusion in Gujarati Question, rely on English Question. English text will be final.**
**(જો ગુજરાતી પ્રશ્નોમાં દ્વિધા હોય તો અંગ્રેજી પ્રશ્ન પરનો સંદર્ભ લઈ તેના પર આધાર રાખવો. અંગ્રેજી ભાષા અર્થઘટન માટે આખરી ગણાશે.)**

**ઉમેદવારનો સીટ નંબર**

**ઉમેદવારની સહી**

**ખંડ નિરીક્ષકની સહી**

1 Which of the following is an example of in-situ conservation?

(A) Botanical garden (B) Wildlife sanctuary

(C) Zoological park (D) Cryopreservation

નીચેના પૈકી કયું ઉદાહરણ મૂળસ્થાને સંરક્ષણનું છે?

(A) બોટનીકલ ગાર્ડન / વાનસ્પતિક ઉદ્યાન (B) વન્યજીવન અભયારણ્ય

(C) પ્રાણી સંગ્રહાલય (D) ક્રાયોપ્રિઝર્વેશન

2 Tropic of Cancer doesn't pass through __________.

(A) India (B) Egypt

(C) Mexico (D) Iran

કર્કવૃત્ત _______ દેશમાંથી પસાર થતું નથી.

(A) ભારત (B) ઈજીપ્ત

(C) મેક્સિકો (D) ઈરાન

3 *Which of the countries is land locked?*

(A) Turkey (B) Iran

(C) Ethiopia (D) Yemen

નીચેના પૈકી કયા દેશને દરિયા કિનારો નથી / કયો દેશ માત્ર જમીનોથી ઘેરાયેલો/ લેન્ડ લોક્ડ છે?

(A) ટર્કી (B) ઈરાન

*(C)* ઈથિયોપિયા *(D)* યમન

4 Difference between day and night becomes longer, as one travels from ________ to ________.

(A) poles, equator

(B) equator, poles

(C) Tropic of Cancer, Tropic of Capricorn

(D) Tropic of Capricorn, Tropic of Cancer

જ્યારે કોઈ _______ થી _______ તરફ પ્રવાસ કરે છે ત્યારે દિવસ અને રાત વચ્ચે તફાવત નોંધપાત્ર રીતે વધે છે.

(A) ધ્રુવો, વિષુવવૃત્ત (B) વિષુવવૃત્ત, ધ્રુવો

(C) કર્કવૃત્ત, મકરવૃત્ત (D) મકરવૃત્ત, કર્કવૃત્ત

5 Most of the weather phenomenon takes place in ______.

(A) Ionosphere (B) Stratosphere

(C) Troposphere (D) Mesosphere

મોટા ભાગની હવામાનની ઘટનાઓ ______ માં બને છે.

(A) આયનોસ્ફિયર (B) સ્ટ્રેટોસ્ફિયર

(C) ટ્રોપોસ્ફિયર (D) મેસોસ્ફિયર

6 Climate of a place is dependent on several factors, which one of the following is most significant?

(A) Distance from Sea (B) Direction of winds

(C) Latitude (D) Ocean Current

કોઈ પણ જગ્યાનું હવામાન અનેક પરિબળો પર આધારિત હોય છે, નીચેના પૈકી કયું પરિબળ સૌથી વધુ નોંધપાત્ર છે?

(A) દરિયાથી અંતર (B) પવનની દિશા

(C) અક્ષાંશ (D) દરિયાઈ પ્રવાહો

7 Which of the following is not a tropical evergreen forest?

(A) Amazon basin

(B) Zaire basin

(C) South China

(D) All of above are tropical evergreen forest.

નીચેના પૈકી કયું વિષુવવૃત્તીય સદાબહાર લીલાછમ જંગલ નથી?

(A) એમેઝોન બેઝિન

(B) ઝૈર બેઝિન

(C) દક્ષિણ ચીન

(D) ઉપરોક્ત પૈકી બધા જ વિષુવવૃત્તીય સદાબહાર લીલાછમ જંગલ છે.

8 Which among the following the leading timber exporter?

(A) Sweden (B) Japan

(C) Malaysia (D) Canada

નીચેના પૈકી કયો દેશ ઇમારતી લાકડાની સૌથી વધુ નિકાસ કરે છે?

(A) સ્વીડન (B) જાપાન

(C) મલેશિયા (D) કેનેડા

9 World's major commercial fishing grounds are located in ________.

(A) cool waters of northern hemisphere in comparatively higher latitudes

(B) warm waters of the southern hemisphere in comparatively higher latitudes

(C) both (A) and (B)

(D) a widespread area nearer the poles

વિશ્વના મુખ્ય વાણિજ્યક માછીમારી વિસ્તારો ______ માં આવેલા છે.

(A) તુલનાત્મક રીતે ઊંચા અક્ષાંશ પરના ઉત્તરગોળાર્ધના ઠંડા પ્રવાહો/ પાણી

(B) તુલનાત્મક રીતે ઊંચા અક્ષાંશ પરના દક્ષિણ ગોળાર્ધના ગરમ પ્રવાહો/ પાણી

(C) ઉપરોક્ત (A) અને (B) બંને

(D) ધ્રુવોની નજીક ફેલાયેલો વિસ્તાર

10 The two oceans joined by Panama Canal are:

(A) Indian Ocean and Atlantic Ocean

(B) Atlantic Ocean and Pacific Ocean

(C) Pacific Ocean and Arctic Ocean

(D) Indian Ocean and Antarctic Ocean

પનામા નહેરથી જોડાયેલા બે મહાસાગર ______ છે.

(A) હિંદ મહાસાગર અને એટલાન્ટીક (B) એટલાન્ટીક અને પેસિફિક

(C) પેસિફિક અને આર્કટિક (D) હિંદ મહાસાગર અને એન્ટાર્કટિક

11 Shipki-Pass joins ________.

(A) Himachal Pradesh to Tibet (B) Sikkim to Tibet

(C) Jammu-Kashmir to China (D) None of above

શીપકી-પાસ/ રસ્તો ______ ને જોડે છે.

(A) હિમાચલ પ્રદેશ થી તિબેટ (B) સિક્કિમ થી તિબેટ

(C) જમ્મુ-કાશ્મીર થી ચીન (D) ઉપરોક્ત પૈકી એકે નહીં

12 Which of the following doesn't have a common boundary with Bangladesh?

(A) Meghalaya (B) Mizoram

(C) Tripura (D) Arunachal Pradesh

નીચેના પૈકી કયું રાજ્ય બાંગ્લાદેશ સાથે સરહદથી જોડાયેલ નથી?

(A) મેઘાલય (B) મિઝોરમ

(C) ત્રિપુરા (D) અરૂણાચલ પ્રદેશ

13 Which of the following river makes an estuary?

(A) Kaveri (B) Krishna

(C) Narmada (D) Ganga

નીચેના પૈકી કઈ નદી નદીનામુખ આગળ ખાડી બનાવે છે?

(A) કાવેરી (B) કૃષ્ણા

(C) નર્મદા (D) ગંગા

14 Why is Indus Delta smaller than Delta of Ganga?

(A) Indus traverses a shorter distance than Ganga.

(B) Indus is not as broad as Ganga.

(C) Path of Indus is through arid area while Ganga collects more water along its path to the sea.

(D) None of the above

સિંધુનો મુખત્રિકોણ કયા કારણોસર ગંગાના મુખત્રિકોણ કરતાં નાનો છે?

(A) સિંધુ નદી ગંગા કરતાં ટૂંકા અંતરથી પસાર થાય છે.

(B) સિંધુ નદી ગંગા જેટલી પહોળી નથી.

(C) સિંધુ નદીનો પથ સૂકા વિસ્તારમાં છે જ્યારે ગંગા તેના પ્રવાહ પથની સાથે સાથે વધારે પાણી પ્રાપ્ત કરે છે.

(D) ઉપરોક્ત પૈકી એકે નહિ

15 Which of the following is not recognized as a wetland under Ramsar Convention?

(A) Chilka (B) Loktak

(C) Kolleru (D) Ramnad

નીચેના પૈકી કયું સરોવર રામસર સંમેલન હેઠળ જલપ્લાવિત વિસ્તાર/ વેટલેન્ડ તરીકે જાહેર કરેલું નથી?

(A) ચિલકા (B) લોક્ટક

(C) કોલ્લેરુ (D) રામનાડ

16 India has 8 coastal states, but more than 50% of sea salt is produced in Gujarat because:
(A) Gandhiji started salt movement in Gujarat.
(B) Low rainfall and relative humidity are ideal for the production of salt through evaporation of sea water.
(C) Kandla port exports salt.
(D) The salinity of sea water is very high near the Gujarat coast.

ભારતમાં 8 દરિયા કિનારાવાળા રાજ્યો છે, પરંતુ ગુજરાત રાજ્ય 50% કરતાં વધારે દરિયાઈ મીઠું પકવે છે કારણ કે:
(A) ગાંધીજીએ ગુજરાતમાં મીઠાની ચળવળ શરૂ કરી હતી.
(B) ઓછો વરસાદ અને સરેરાશ ભેજનું પ્રમાણ દરિયાઈપાણીનું બાષ્પીભવન કરી મીઠાના ઉત્પાદન માટે આદર્શ પરિસ્થિતિઓનું નિર્માણ કરે છે.
(C) કંડલા બંદરેથી મીઠાની નિકાસ થાય છે.
(D) ગુજરાતના દરિયા કિનારાની નજીક દરિયાઈ પાણીની ખારાશ ઘણી વધારે છે.

17 Consider following passage: The climate of this region is continental type. Natural vegetation is low grassland. Annual range of temperature is high. The areas produce lot of surplus foodgrain.
Identify the region based on above statements.
(A) Savanna (B) Mediterranean
(C) Prairie (D) Boreal

આ ફકરો વાંચો: આ વિસ્તારની આબોહવા ખંડીય પ્રકારની છે. કુદરતી વનસ્પતિ ઘાસિયા મેદાનોની છે. તાપમાનની વાર્ષિક શ્રેણી ઊંચી છે. આ વિસ્તારો ઘણું વધારે અનાજ પેદા કરે છે.
ઉપરનાં નિવેદનો પર આધારિત પ્રદેશને ઓળખો:
(A) સવાના (B) ભૂમધ્ય વિસ્તારો
(C) પ્રેરીનાં મેદાનો (D) બોરીયલ

18 Which of the following statements is correct ?
1. Steeper slopes receive higher insolation (incoming solar radiation) than flat area.
2. Amount of solar radiation received, at a place, decreases with height.

**Answer choices :**
(A) 1 and 2 (B) Only 1
(C) Only 2 (D) Neither 1 nor 2

નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન ખરું છે?
1. બેહદ/ વધુ ઢાળવાળા વિસ્તારો સપાટ વિસ્તારો કરતાં વધારે સૂર્યકિરણો (સૂર્યના આવતા વિકિરણો) મેળવે છે.
2. એકજ જગ્યાએ, મળતા સૂર્યવિકિરણોની માત્રા ઊંચાઈના પ્રમાણે ઘટે છે.

**જવાબની પસંદગી:**
(A) 1 અને 2 (B) માત્ર 1
(C) માત્ર 2 (D) એક પણ નહિ

19 Which of the following statements are incorrect about Oceanography ?

1. Deepest trench in the world is Sunda trench.
2. Gulf stream is a cold water current.

**Answer choices :**

(A) Only 1 (B) Only 2

(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

નીચેના પૈકી કયું / કયા વિધાન સમુદ્રી વિજ્ઞાન બાબતે ખોટું / ખોટાં છે?

1. દુનિયાની સૌથી ઊંડી ખાઈ સુન્દા ખાઈ/ ટ્રેન્ચ છે.
2. ગલ્ફનો પ્રવાહ એ ઠંડા પાણીનો પ્રવાહ છે.

**જવાબની પસંદગીઃ**

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને (D) એક પણ નહિ / એકે ખોટું નથી

20 Arrange following rivers from south to north :

1. Krishna
2. Kaveri
3. Godavari
4. Penganga

**Answer choices :**

(A) 2, 1, 3, 4 (B) 1, 2, 3, 4

(C) 1, 3, 4, 2 (D) 3, 2, 1, 4

નીચે જણાવેલ નદીઓને દક્ષિણથી ઉત્તર તરફના ક્રમમાં ગોઠવો :

1. કૃષ્ણા
2. કાવેરી
3. ગોદાવરી
4. પેણગંગા

**જવાબની પસંદગીઃ**

(A) 2, 1, 3, 4 (B) 1, 2, 3, 4

(C) 1, 3, 4, 2 (D) 3, 2, 1, 4

21 Ecotone refer to

(A) Zone of junction between two or more diverse ecosystems
(B) Terrestrial part of the biosphere characterised by climatic vegetation, animal type and soil
(C) Unit of energy flow in any ecosystem
(D) Functional unit in ecosystem

ઇકોટોન _____ ના સંદર્ભમાં છે.

(A) બે અથવા વધારે વૈવિધ્યપૂર્ણ પરિસરતંત્ર વચ્ચેના સંગમ/જોડાણ ક્ષેત્ર/ વિસ્તાર
(B) જીવાવારણનો પાર્થિવ/ જમીની ભાગ જે હવામાન, વનસ્પતિ, પ્રાણીઓના પ્રકાર અને જમીનથી ઓળખાય છે.
(C) કોઈ પણ પરિસરતંત્રમાં વહેતી ઉર્જાનો એકમ.
(D) પરિસરતંત્રમાંનો કાર્યાત્મક એકમ

22 Consider following statements:

1. Bio-magnification refers to an increase in the concentration of a substance as we move up the food chain.
2. Bio-concentration means concentration of substance builds up in the tissues by eating contaminated food.

**Correct statements is/are :**

(A) Only 1 (B) Only 2
(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જૈવિક વિસ્તરણ એટલે - જેમ આપણે આહાર શૃંખલા ઉપર જઈએ છીએ તેમ પદાર્થ/ વસ્તુના સંકેન્દ્રણમાં વધારો થાય છે.
2. જૈવિક કેન્દ્રીકરણ એટલે - પદાર્થ/ વસ્તુનું સંકેન્દ્રણ દૂષિત ખોરાક ખાઈને પેશીઓમાં જમા થાય છે.

**ખરા વિધાન/નો છે:**

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને (D) એક પણ નહીં

23 A high demand of biological oxygen indicates_______________.

(A) Low level of microbial pollution
(B) High level of microbial pollution
(C) Pure water
(D) Absence of microbial action

જૈવિક પ્રાણવાયુની માંગમાં વધારો _____ સૂચવે છે.

(A) સૂક્ષ્મ જીવાણુકીય પ્રદૂષણનું નીચું સ્તર (B) સૂક્ષ્મ જીવાણુકીય પ્રદૂષણનું ઊંચું સ્તર
(C) શુદ્ધ પાણી (D) સૂક્ષ્મ જીવાણુકીય ક્રિયાની ગેરહાજરી

24 A lichen is best characterized as a symbiosis between__________.

(A) Bacteria and fungus (B) Algae and bacteria

(C) Fungus and algae (D) Algae and moss

લાઈકેન (એક પ્રકારની દરિયાઈ વનસ્પતિ) એ ________ વચ્ચે સહજીવનનો ઉત્તમ દાખલો છે.

(A) જીવાણુ અને ફૂગ / બેક્ટેરિયા અને ફૂગ

(B) શેવાળ અને જીવાણુ / આલ્ગી અને બેક્ટેરિયા

(C) ફૂગ અને શેવાળ / ફૂગ અને આલ્ગી

(D) શેવાળ અને લીલ / આલ્ગી અને મોસ

25 Coral reef is not seen in _________.

(A) Palk bay (B) Gulf of Mannar

(C) Gulf of Kutch (D) Gulf of Cambay

_______ માં પરવાળાના ખડકો જોવા મળતા નથી.

(A) પાલ્ક ખાડી (B) મન્નારનો અખાત

(C) કચ્છનો અખાત (D) ખંભાતનો અખાત

26 Which among the following areas are biodiversity hotspots in Asia?

1. Eastern Himalaya
2. Indo-Burma
3. Western Ghats and Sri Lanka
4. Sundaland

**Answer choices :**

(A) Only 1 and 3 (B) Only 1, 2 and 3

(C) Only 1, 2 and 4 (D) 1, 2, 3 and 4

નીચેનામાંથી એશિયામાં આવેલા કયા વિસ્તારો જૈવિકવિવિધતા માટે ખાસ મહત્ત્વના/હોટસ્પોટ ગણાય છે?

1. પૂર્વીય હિમાલય
2. ઈન્ડો-બર્મા
3. પશ્ચિમઘાટ અને શ્રીલંકા
4. સુન્દા લેન્ડ

**જવાબની પસંદગી:**

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4/ તમામ

27 Which of the following is a green house gas but not an ozone depleting substance?

(A) Chlorofluorocarbons (CFC) (B) Hydrofluorocarbons (HFC)

(C) Sulphur dioxide (D) Carbon dioxide

નીચેના પૈકી કયો વાયુ ગ્રીન હાઉસ ગેસ છે પરંતુ ઓઝોન માટે નુકસાનકારક પદાર્થ નથી?

(A) ક્લોરોફ્લોરોકાર્બન (સીએફસી) (B) હાઇડ્રોફ્લોરોકાર્બન (એચએફસી)

(C) સલ્ફર ડાયોક્સાઈડ (D) કાર્બન ડાયોક્સાઈડ

28 Preamble of the Constitution of India, is inspired by Constitution of ______.

(A) Russia (B) France

(C) USA (D) UK

ભારતના બંધારણના આમુખ માટે કયા દેશનાં બંધારણમાંથી પ્રેરણા લેવામાં આવી છે?

(A) રશિયા (B) ફ્રાન્સ

(C) યુ.એસ.એ. (D) યુ.કે.

29 Central Vigilance Commission was setup on the recommendation of ______.

(A) Administrative reforms commission

(B) Gorwala report

(C) Kripalani Committee

(D) Santhanam Committee

______ ની ભલામણના આધારે કેન્દ્રીય તકેદારી આયોગની રચના કરવામાં આવી.

(A) વહીવટી સુધારણા આયોગ (B) ગોરવાલા રીપોર્ટ

(C) કૃપલાણી સમિતિ (D) સંથાનમ સમિતિ

30 Which is incorrect statement about un-starred question?

1. It's distinguished by an asterisk mark
2. Answer to such a question is given orally
3. Answer to such a question is not followed by supplementary question
4. It doesn't carry an asterisk mark
5. Answer to such question is given in written form

**Answer choices :**

(A) 2 and 3 (B) 3, 4 and 5

(C) 1 and 2 (D) 2, 3 and 4

બિન-તારાંકિત પ્રશ્ન બાબતે કયું વિધાન ખોટું છે?

1. એ એક ફૂન્દડી માર્કથી ઓળખી શકાય છે.
2. આ પ્રકારના પ્રશ્નનો જવાબ મૌખિક રીતે અપાય છે.
3. આ પ્રકારના પ્રશ્નનો જવાબ પૂરક પ્રશ્નને અનુસરતો નથી.
4. તેને કોઈ ફૂન્દડી માર્ક હોતો નથી.
5. આવા પ્રશ્નનો જવાબ લેખિત સ્વરૂપે અપાય છે.

**જવાબના વિકલ્પો :**

(A) 2 અને 3 (B) 3, 4 અને 5

(C) 1 અને 2 (D) 2, 3 અને 4

31 Conditions of services of members of All India services are determined by_______.

(A) President of India (B) Constitution of India

(C) Parliament of India (D) UPSC

_______ દ્વારા ઓલ ઇન્ડિયા સર્વિસીસના સભ્યોની સેવાઓની શરતો નક્કી કરવામાં આવે છે.

(A) ભારતના રાષ્ટ્રપતિ (B) ભારતનું બંધારણ

(C) ભારતની સંસદ (D) યુપીએસસી

32 The Comptroller and Auditor General acts as friend, philosopher and guide of:

(A) Public Accounts Committee

(B) Estimate Committee

(C) Committee on Public Undertaking

(D) All of the above

કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ એ _______ નાં મિત્ર, તત્ત્વચિંતક અને માર્ગદર્શક તરીકે કામ કરે છે.

(A) જાહેર હિસાબ સમિતિ (B) અંદાજ સમિતિ

(C) જાહેર સાહસો અંગેની સમિતિ (D) ઉપરોક્ત પૈકી તમામ

33 Money bill can be introduced in the state legislature only on the recommendation of _______.

(A) Speaker (B) Finance minister

(C) Chief Minister (D) Governor

માત્ર _______ ની ભલામણથી જ રાજયની વિધાનસભામાં નાણાં બિલ રજૂ કરી શકાય.

(A) સ્પીકર (B) નાણામંત્રી

(C) મુખ્યમંત્રી (D) રાજ્યપાલ

34 The constitution says that the state council of ministers hold office during the pleasure of the Governor. The words "during the pleasure of the Governor" in reality means:_______.

(A) Pleasure of the President

(B) Pleasure of the PM

(C) Pleasure of the Speaker

(D) Pleasure of the Legislative Assembly

બંધારણમાં લખ્યું છે કે રાજયની મંત્રી-પરિષદ પ્લેઝર ઓફ ગવર્નર દરમ્યાન જ ઓફિસ/ખાતું ધારણ કરી શકે છે. 'પ્લેઝર ઓફ ગવર્નર દરમ્યાન' શબ્દનો ખરેખરો અર્થ _______ થાય છે.

(A) રાષ્ટ્રપતિની અનુમતિ (B) પ્રધાનમંત્રીની અનુમતિ

(C) વિધાનસભાના અધ્યક્ષશ્રીની અનુમતિ (D) વિધાનસભાની અનુમતિ

35 Find the incorrect Statement :

(A) Adjournment means an interruption in the normal business of assembly.

(B) Prorogation means the end of the assembly.

(C) Dissolution means the end of the assembly.

(D) None of the above.

ખોટું વિધાન શોધો :

(A) 'સભા મોકૂફી' એટલે વિધાનસભાની સામાન્ય કાર્યવાહીમાં વિક્ષેપ થવો.

(B) સત્ર સમાપ્તિ એટલે વિધાનસભાનો અંત આવવો.

(C) વિસર્જન એટલે વિધાનસભાનો અંત આવવો.

(D) ઉપરોક્ત પૈકી એકેય નહી

36 Under which of the following circumstances, the governor can reserve a state bill for the consideration of the President?

1. If it is ultra vires

2. If it is opposed to Directive principles of State policy

3. If it endangers the position of the state high court

4. If it is dealing with compulsory acquisition of property under Art. 31/A

**Answer choice :**

(A) 1, 2 and 3 (B) 1, 2, 3 and 4

(C) 2 and 3 (D) 1, 3 and 4

નીચેના પૈકી કયા સંજોગોમાં, રાજ્યપાલ ખરડો રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખી શકે છે ?

1. જો તે સત્તાબાહ્ય / સત્તા બહારનું હોય.

2. જો તે રાજ્ય નીતિ નિર્દેશક સિદ્ધાંતોની વિરુદ્ધનું હોય.

3. જો તે રાજ્યના ઉચ્ચ ન્યાયાલયને ખતરારૂપ હોય.

4. જો તે બંધારણની કલમ 31/એ હેઠળ મિલકતના ફરજિયાત સંપાદન બાબતનું હોય.

**જવાબના વિકલ્પો:**

(A) 1, 2 અને 3 (B) 1, 2, 3 અને 4

(C) 2 અને 3 (D) 1, 3 અને 4

37 Inter-state council consists of ________

1. PM
2. CM of all states
3. CM of UT with legislatures
4. 8 union cabinet ministers
5. Administrators of UT with legislates

**Answer choices :**

(A) 1, 2, 3, 4 and 5 (B) 1, 2, 3 and 4

(C) 1, 2 and 3 (D) 1, 2, 3 and 5

આંતર રાજ્ય પરિષદમાં નીચે જણાવેલ પૈકી કોનો સમાવેશ થાય છે?

1. પ્રધાનમંત્રી
2. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ
3. ધારાસભા સાથેના કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ
4. 8 યુનિયન કેબીનેટ મંત્રીઓ
5. કેન્દ્રશાસિત પ્રદેશના ધારાસભ્યો સાથે વહીવટદારો

**જવાબોના વિકલ્પો:**

(A) 1, 2, 3, 4 અને 5 (B) 1, 2, 3 અને 4

(C) 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 5

38 Zonal councils have been established by ________

(A) Article 263

(B) States Reorganisation Act

(C) Zonal Councils Act

(D) An order by the President of India

ઝોનલ કાઉન્સિલો ________ હેઠળ રચાયેલી હોય છે.

(A) આર્ટિકલ - 263

(B) રાજ્ય પુનઃગઠન ધારો - સ્ટેટ રીઓર્ગનાઇઝેશન એક્ટ

(C) ઝોનલ કાઉન્સિલ્સ એક્ટ

(D) ભારતના રાષ્ટ્રપતિના હુકમથી

39 Sachar committee report deals with ________.

(A) Indian federalism

(B) Economic development of the backward regions

(C) Indian Muslims

(D) OBCs

સાચર સમિતિનો અહેવાલ ________ ને લગતો છે.

(A) ભારતીય સમવાયતંત્ર (B) પછાત વિસ્તારોના આર્થિક વિકાસ

(C) ભારતીય મુસલમાનો (D) અન્ય પછાત જાતિઓ

40 Which of the following states doesn't have a Vidhan Parishad?

(A) Bihar (B) Maharashtra

(C) Uttar Pradesh (D) Tamil Nadu

નીચેના પૈકી કયા રાજ્યમાં વિધાન પરિષદ નથી?

(A) બિહાર (B) મહારાષ્ટ્ર

(C) ઉત્તરપ્રદેશ (D) તમિલનાડુ

41 Zero hour in the Indian parliament starts at ________.

(A) second hour of the sitting (B) last hour of the sitting

(C) 12:00 noon (D) No fixed timing

ભારતીય સંસદમાં શૂન્ય કાલ ________ શરૂ થાય છે.

(A) બેઠક શરૂ થયાના બીજા કલાકે (B) બેઠકના છેલ્લા કલાકે

(C) બપોરે 12.00 કલાકે (D) કોઈ નિશ્ચિત સમય નથી

42 Which among the following is not guaranteed by the Constitution of India?

(A) Freedom of movement throughout the country

(B) Freedom to assemble peacefully without arms

(C) Freedom to own, acquire and dispose property anywhere in the country

(D) Freedom to practice any trade or profession

નીચેના પૈકી કઈ બાબતે ભારતના બંધારણમાં ખાતરી આપવામાં આવી નથી?

(A) સમગ્ર દેશમાં મુક્ત વિચરણ

(B) હથિયાર વગર શાંતિપૂર્ણ રીતે સભા ભરવાની / ભેગા થવાની સ્વતંત્રતા

(C) દેશમાં કોઈ પણ સ્થળે મિલકત ધારણ કરવાની, સંપાદન કરવાની અને વેચવાની સ્વતંત્રતા

(D) કોઈ પણ વેપાર કે ધંધો કરવાની સ્વતંત્રતા

43 Which of the following pairs is incorrectly matched?

(A) Central Government : Union List

(B) Local Government : Residuary power

(C) State Governments : State List

(D) Central and State government : Concurrent List

નીચેના પૈકી કઈ જોડી ખોટી છે?

(A) કેન્દ્ર સરકાર : સંઘ યાદી

(B) લોકલ-સ્થાનિક સરકાર : શેષ સત્તાઓ

(C) રાજ્ય સરકારો : રાજ્ય યાદી

(D) કેન્દ્ર અને રાજ્ય સરકારો : સમવર્તી યાદી

44 When proclamation of emergency is in operation, the duration of the Lok Sabha can be extended for a period of ________.

(A) Not exceeding 3 months (B) Not exceeding 9 months

(C) Of one year at a time (D) Of two years at a time

જ્યારે કટોકટીની ઘોષણા અમલમાં હોય ત્યારે લોકસભાનો સમયગાળો ________ સમય માટે લંબાવી શકાય છે.

(A) 3 માસથી વધુ નહિ (B) 9 માસથી વધુ નહિ

(C) એક વખતે એક વર્ષ (D) એક વખતે બે વર્ષ

45 Delimitation of constituencies and determination of constituencies reserved for SC and ST are done by ______________.

(A) Election commission

(B) Delimitation commission

(C) Planning commission

(D) Election commission with assistance of Delimitation commission.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો/મત વિસ્તારોનું સીમાંકન અને બેઠકો નક્કી કરવાનું કાર્ય ________ કરે છે.

(A) ચૂંટણી પંચ

(B) સીમાંકન પંચ

(C) આયોજન પંચ

(D) સીમાંકન પંચના સહયોગથી ચૂંટણી પંચ

46 Which of the following committees of the Parliament has no members from Rajya Sabha?

(A) Public Accounts committee

(B) Estimates committee

(C) Public undertakings committee

(D) Departmentally related standing committee on finance

નીચેના પૈકી સંસદની કઈ સમિતિમાં રાજ્યસભામાંથી કોઈ સભ્યો નથી હોતા?

(A) જાહેર હિસાબ સમિતિ

(B) અંદાજ સમિતિ

(C) જાહેર સાહસોની સમિતિ

(D) વિભાગો સંબંધિત નાણાં બાબતની સ્થાયી સમિતિ

47 Power to decide date of an election to a state legislative assembly rests with the ________.

(A) President of India (B) CM and his/her cabinet

(C) Election commission of India (D) Parliament

રાજ્યની વિધાનસભાની ચૂંટણીની તારીખ નક્કી કરવાની સત્તા ________ પાસે છે.

(A) ભારતના રાષ્ટ્રપતિ (B) મુખ્યમંત્રી અને તેની/ તેણીની કેબીનેટ

(C) ભારતનું ચૂંટણી પંચ (D) સંસદ

48 Brent Index is associated with________.

(A) World shipping volume (B) Gold future prices

(C) Copper future prices (D) Crude oil prices

બ્રેન્ટ ઇન્ડેક્ષ ________ સાથે સંકળાયેલ છે.

(A) વર્લ્ડ શિપિંગ વોલ્યુમ (B) ગોલ્ડ ફ્યુચર પ્રાઈઝ

(C) કોપર ફ્યુચર પ્રાઈઝ (D) ક્રુડ ઓઈલ પ્રાઈઝ

49 ________ are not extinguished by immediate consumption, but they undergo wear and tear with gradual use and require repairs and replacement.

(A) Intermediate goods (B) Consumer durables

(C) Giffen goods (D) Superior goods

________ તાત્કાલિક વપરાશથી ખલાસ થઈ જતા નથી, પરંતુ સતત વપરાશથી ઘસારો પડે છે અને રીપેર/સમારકામ અને બદલવાની જરૂર પડે છે.

(A) મધ્યવર્તી માલસામાન/ઈન્ટરમીડીએટ ગુડ્ઝ

(B) કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ

(C) ગિફન ગુડ્ઝ

(D) સુપીરીયર ગુડ્ઝ

50 Reserve Bank of India is ________.

1. Lender of the last resort.
2. Guarantor of commercial banks.
3. Regulator of Banks.

**Answer choices :**

(A) Only 1 and 2 (B) Only 2 and 3
(C) Only 1 and 3 (D) 1, 2 and 3

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એ ________ છે.

1. ધિરાણનો છેલ્લો વિકલ્પ
2. વાણિજ્યિક બેંકની જામીન/ ગેરેંટર
3. બેંકોના કામકાજ ઉપર નિયંત્રણ રાખનાર સંસ્થા.

**જવાબની પસંદગી:**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 તમામ

51 Capital receipts of the Government of India does not include ________.

1. Acquisition of land, building, machinery and shares.
2. Sale of treasury bills.
3. Grants received from international donors.

**Answer choices :**

(A) Only 1 and 2 (B) Only 2 and 3
(C) Only 1 and 3 (D) All of them

ભારત સરકારની મૂડી આવક / કેપિટલ રિસિપ્ટમાં ________નો સમાવેશ થતો નથી.

1. જમીન, મકાનો, યાંત્રિક સરસામાન અને શેરોનું સંપાદન
2. તિજોરી બીલોનું વેચાણ
3. આંતરરાષ્ટ્રીય દાતાઓ તરફથી મળેલું અનુદાન/ ગ્રાન્ટ

**જવાબની પસંદગી:**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3 (D) ઉપરોક્ત તમામ

52 Which of the following is/are considered "Paper tax" ?

(A) Estate duty (B) Wealth tax
(C) Gift tax (D) All of above

નીચેના પૈકી કયો/કયા ''પેપર ટેક્ષ'' ગણાય છે?

(A) એસ્ટેટ ડ્યુટી (B) મિલકત વેરો/ વેલ્થ ટેક્ષ
(C) ગિફ્ટ ટેક્ષ (D) ઉપરોક્ત તમામ

53 Which of the following is the most appropriate measure of a country's international competitiveness?

(A) Current account balance (B) Balance of trade

(C) Real exchange rate (D) Nominal exchange rate

દેશની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા માટે નીચેના પૈકી કયો માપદંડ સૌથી યોગ્ય છે?

(A) કરન્ટ એકાઉન્ટ બેલેન્સ

(B) બેલેન્સ ઓફ ટ્રેડ

(C) વાસ્તવિક વિનિમય દર/ રીયલ એક્ષચેન્જ રેટ

(D) નજીવો વિનિમય દર/ નોમિનલ એક્ષચેન્જ રેટ

54 The most important function of money is ________.

(A) Standard of deferred payment (B) Measure of value

(C) Medium of exchange (D) Store of value

નાણાંનું મુખ્ય કાર્ય ________ છે.

(A) વિલંબિત ચુકવણી માટેનું ધોરણ (B) (વસ્તુ/સેવાની) કિંમતનું માપ

(C) વિનિમયનું માધ્યમ (D) કિંમતનો સંગ્રહ/ સ્ટોર ઓફ વેલ્યુ

55 "Overdraft Facility" means ________.

(A) Bank gives credit to a businessman against his current assets such as stock of goods and unpaid invoices.

(B) Bank allows client to draw cheques in excess of the balance standing to his credit.

(C) Bank lends money to client by purchasing bills of exchange.

(D) None of above

"ઓવરડ્રાફટ સુવિધા"નો અર્થ ________ થાય છે.

(A) બેંક વેપારીને તેની ચાલુ/હયાત અસ્કયામતો જેવી કે માલસામાન અને ઉધાર બિલો સામે ધિરાણ આપે છે.

(B) બેંક ગ્રાહકને તેના ખાતામાં જમા રકમ કરતાં વધારે રકમના ચેક વટાવવા દે છે.

(C) બેંક ગ્રાહક પાસેથી વિનિમયનાં બીલો ખરીદીને તેને નાણાં ધીરે છે.

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિ

56 Consider following statements about "Margin Requirement" :

1. It is one of the qualitative tools of monetary policy.
2. It is the difference between the value of security and the amount of loan granted.
3. If central bank aims to expand credit, it should reduce margin requirement on loans.

**Answer choices :**

(A) Only 1 and 2 (B) Only 2 and 3

(C) Only 1 and 3 (D) All of them

"માર્જીન જરૂરિયાત"ને નીચેના પૈકી કયા વિધાન લાગુ પડે છે?

1. તે નાણાકીય નીતિના ગુણાત્મક માપદંડો પૈકીનો એક માપદંડ છે.
2. તે અસ્કયામતોની કિંમત અને આપેલ ધિરાણની રકમ વચ્ચેનો તફાવત છે.
3. જો મધ્યસ્થ બેંકનું લક્ષ્ય ધિરાણ વધારવાનું હોય તો, તેણે ધિરાણ/ લોન પરની માર્જીન જરૂરિયાત ઘટાડવી જોઈએ.

**જવાબની પસંદગી:**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) ઉપરોક્ત તમામ

57 Which of the following measure(s) can be used to correct a negative balance of payment?

(A) Import substitution policy

(B) Revaluation of currency

(C) Purchase of additional special drawing rights

(D) All of above

નીચેના પૈકી કયું/કયા પગલું/પગલાં ચુકવણીના નકારાત્મક બેલેન્સને/ ઋણ જમા ને/ નેગેટીવ બેલેન્સ ઓફ પેમેન્ટને બરાબર કરવા ભરી શકાય?

(A) ઈમ્પોર્ટ સબસ્ટીટ્યુશન પોલિસી

(B) મુદ્રાનું પુનઃમૂલ્યાંકન/ રીવેલ્યુએશન ઓફ કરન્સી

(C) વધારાના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ખરીદવા

(D) ઉપરોક્ત તમામ

58 Indirect taxes _________.

1. Are regressive in nature.
2. Do not promote civic consciousness.
3. Have adverse effect on propensity to work and save.
4. Can be used to promote production and investment.

**Answer choices :**

(A) Only 1, 2 and 4
(B) Only 3 and 4
(C) Only 2 and 4
(D) 1, 2, 3 and 4

પરોક્ષ વેરા એ _________.

1. રીગ્રેસીવ પ્રકૃતિ ધરાવે છે.
2. નાગરિક સભાનતાને પ્રોત્સાહન આપતા નથી.
3. ઉદ્યમ અને બચત કરવાના ઝોક ઉપર વિપરીત અસર કરે છે.
4. ઉત્પાદન અને રોકાણને પ્રોત્સાહન આપવા ઉપયોગ કરી શકાય.

**જવાબની પસંદગી:**

(A) માત્ર 1, 2 અને 4
(B) માત્ર 3 અને 4
(C) માત્ર 2 અને 4
(D) 1, 2, 3 અને 4

59 What is/are the consequence(s) of deficit financing?

(A) Inflation
(B) Change in the pattern of investment
(C) Forced savings
(D) All of above

ખાધ ધિરાણ/ ડેફીસિટ ફાઈનાન્સિંગનાં શું પરિણામ આવી શકે?

(A) ફુગાવો
(B) રોકાણની રીતોમાં બદલાવ/ફેરફાર
(C) ફરજિયાત બચતો
(D) ઉપરોક્ત તમામ

60 Which of the following department oversees the production of currency notes and coins?

(A) Department of Financial Services
(B) Department of Economic Affairs
(C) Department of Revenue
(D) None of the above

નીચેના પૈકી કયો વિભાગ ચલણી નોટ અને સિક્કાઓના છાપકામ/ ઉત્પાદન ઉપર દેખરેખ રાખે છે?

(A) નાણાકીય સેવા વિભાગ
(B) આર્થિક બાબતોનો વિભાગ
(C) મહેસૂલ વિભાગ
(D) ઉપર પૈકી એક પણ નહિ

61 Special benefits under Pradhan Mantri Jandhan Yojana-PMJDY include(s)________.

1. Overdraft facility to all Jan-Dhan accounts of a household.
2. Life insurance of Rs.30,000/-.
3. Accidental insurance upto Rs.1 lakh.

**Answer choices :**

(A) Only 1 and 2
(B) Only 2 and 3
(C) Only 1 and 3
(D) All of them

પ્રધાનમંત્રી જનધન યોજના - પીએમજેડીવાય હેઠળ ______ ખાસ લાભોનો સમાવેશ થાય છે.

1. કુટુંબના તમામ જનધન ખાતાઓને ઓવરડ્રાફ્ટ સગવડ/ ફેસીલીટી
2. રૂ. 30,000/- નો જીવન વીમો
3. રૂ. 1 લાખ સુધીનો અકસ્માત વીમો

**જવાબની પસંદગી:**

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

62 Which of the following is/are the exclusive tax(es) of the State Governments?

(A) Stamp duties on cheques and promissory notes
(B) Taxes on sale and purchase of newspapers
(C) Taxes on mineral rights
(D) All of above

નીચેના પૈકી કયા વેરાઓ રાજ્ય સરકારોના પોતાના/સ્વતંત્ર વેરાઓ છે?

(A) ચેક અને પ્રોમિસરી નોટ ઉપરની સ્ટેમ્પ ડ્યુટી
(B) છાપાઓની વેચાણ અને ખરીદી પરના વેરાઓ
(C) ખનીજ(હક્કો) પરના વેરાઓ
(D) ઉપરોક્ત તમામ

63 Sangam literature gives us useful information about history of South India during the reign of ________.

(A) Cholas
(B) Cheras
(C) Pandyas
(D) All of the above

સંગમ સાહિત્ય આપણને ______ રાજાના કાળ દરમ્યાનના દક્ષિણ ભારતના ઈતિહાસની ઉપયોગી માહિતી આપે છે.

(A) ચોલા
(B) ચેરા
(C) પાંડ્યા
(D) ઉપરોક્ત તમામ

64 'Rajtarangini' gives a reliable history of ______.

(A) Gujarat
(B) Punjab and Bengal
(C) Kashmir
(D) Maharashtra

'રાજતરંગિણી'થી આપણને ________ના ઈતિહાસનો ચિતાર મળે છે.

(A) ગુજરાત
(B) પંજાબ અને બંગાળ
(C) કાશ્મીર
(D) મહારાષ્ટ્ર

65 In most of the Indus seals, there is representation of ______.

(A) Tiger
(B) Elephant
(C) Humped Bull
(D) Humpless Bull or Unihorn Bull

મોટા ભાગની સિંધુ મુદ્રાઓમાં ________ના ચિહ્નો જોવા મળે છે.

(A) વાઘ
(B) હાથી
(C) ખુંધવાળો આખલો
(D) ખુંધ વગરનો આખલો અથવા એક શીંગડાવાળો આખલો

66 The most important industry at Lothal was ______.

(A) Ship building
(B) Bead making
(C) Pottery
(D) Terracotta

લોથલ ખાતે ________એ ખૂબ જ મહત્ત્વનો ઉદ્યોગ હતો.

(A) વહાણ બાંધકામ
(B) મણકા બનાવટ
(C) માટીનાં વાસણો
(D) પકવેલી માટીની મૂર્તિઓ- ટેરાકોટા

67 Which feature does not indicate the technical skill of artisan in the Indus civilisation?

(A) Use of kiln-burets bricks
(B) Potter's wheel
(C) Boring of hard beats like carnelian
(D) Use of sun baked bricks

સિંધુ સંસ્કૃતિમાં કયા લક્ષણ કારીગરોના તાંત્રિક કૌશલ્ય સૂચવતા નથી?

(A) ભઠ્ઠામાં પકવેલી ઈંટો
(B) કુંભારનો ચાકડો
(C) અકીક જેવા સખત પદાર્થમાં કાણાં પાડવા
(D) સૂર્યના તડકામાં પકવેલી ઈંટો

68 Upanishads are books on ________.

(A) Religion (B) Philosophy

(C) Yoga (D) Law

ઉપનિષદો એ ________ વિષયક ગ્રંથો છે.

(A) ધર્મ (B) તત્ત્વજ્ઞાન

(C) યોગ (D) કાયદો

69 First Tirthankar according to Jaina tradition was ________.

(A) Hemchandra (B) Sthulbahu

(C) Rishabh (D) Neminath

જૈન પરંપરા મુજબ ________ એ પ્રથમ તીર્થંકર ગણાય છે.

(A) હેમચંદ્ર (B) સ્થૂળબાહુ

(C) ઋષભ (D) નેમિનાથ

70 Principle that distinguishes Jainism from Buddhism is the ________.

(A) Eight fold path

(B) Rejection of the infallibility of the vedas

(C) Attribution of a soul to all beings and things

(D) Belief in rebirth

________ સિદ્ધાંત જૈન ધર્મને બૌદ્ધ ધર્મથી અલગ પાડે છે.

(A) (મહા) અષ્ટાવક્ર માર્ગ

(B) વેદોના અચૂકપણાનો અસ્વીકાર

(C) આત્માનું બધા જીવો અને વસ્તુઓમાં અસ્તિત્વ છે.

(D) પુનઃજન્મમાં આસ્થા

71 Who made the greatest contribution in organising the Kisan Sabha movement?

(A) Swami Sahjanand Saraswati (B) Vallabhbhai Patel

(C) Jawaharlal Nehru (D) Indulal Yagnik

કિસાન સભા આંદોલન સંગઠનમાં કોણે સૌથી મોટું યોગદાન આપ્યું?

(A) સ્વામી સહજાનંદ સરસ્વતી (B) વલ્લભભાઈ પટેલ

(C) જવાહરલાલ નહેરુ (D) ઇન્દુલાલ યાજ્ઞિક

72 Which of the following was not a recommendation of the Simon Commission?
(A) Establishment of a responsible government at the Centre
(B) Scrapping of diarchy in provinces
(C) Reservation of seats for depressed classes
(D) Grant of federal structure to India
નીચેના પૈકી સાયમન કમિશનની કઈ ભલામણ નહોતી?
(A) કેન્દ્ર કક્ષાએ એક જવાબદાર સરકારની સ્થાપના કરવી
(B) પ્રાંતોમાં દ્વિમુખી શાસન પદ્ધતિ રદ કરવી
(C) કચડાયેલા/ હતાશ વર્ગો માટે અનામત બેઠકો
(D) ભારતને સંઘીય માળખું આપવું

73 Which of the following event was the last to occur?
(A) Cripps Mission
(B) Simla Conference
(C) Cabinet Mission
(D) Naval Mutiny
નીચેના પૈકી કયો બનાવ સૌથી છેલ્લે બન્યો?
(A) ક્રિપ્સ મિશન
(B) સિમલા અધિવેશન
(C) કેબીનેટ મિશન
(D) ભારતીય નૌસેનામાં વિદ્રોહ

74 Who played important role in bringing the Congress and League together in Lucknow Pact, 1916?
(A) Lokmanya Tilak
(B) Dadabhai Navaroji
(C) Subhashchandra Bose
(D) Annie Besant
લખનૌ સંધિ-1916માં કોંગ્રેસ અને લીગને ભેગા કરવામાં કોણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો?
(A) લોકમાન્ય ટીળક
(B) દાદાભાઈ નવરોજી
(C) સુભાષચન્દ્ર બોઝ
(D) એની બેસન્ટ

75 Through which of the following, was the partition of Bengal subsequently annulled?
(A) Morley Minto Reforms, 1909
(B) Report on Indian constitutional reforms, 1918
(C) A proclamation made by the King during Delhi durbar in 1911
(D) Montagu-Chelmsford reforms, 1919
નીચેના પૈકી કઈ બાબત આધારે છેવટે બંગાળના ભાગલા રદ કરવામાં આવ્યા?
(A) મોર્લે મિન્ટોના સુધારા-1909
(B) ભારતીય બંધારણ સુધારા અહેવાલ-1918
(C) 1911માં દિલ્હી દરબાર વખતે રાજાએ કરેલી ઘોષણા
(D) મોન્ટેગુ- ચેમ્સફોર્ડના સુધારા-1919

76 Which of the following dance forms are correctly paired?

1. Kuchipudi : Andhra Pradesh
2. Kathakali : Kerala

**Answer choices :**

(A) Only 1 (B) Only 2
(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

નીચેના પૈકી નૃત્યકળાની કઈ જોડી ખરી છે?

1. કુચીપુડી : આંધ્રપ્રદેશ
2. કથકલી : કેરળ

**જવાબ પસંદગી :**

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને (D) 1 અને 2 પૈકી એકે નહિ

77 Panchmahal Bhil Seva Mandal was organised by _________.

(A) Mahadevbhai Desai (B) Vallabhbhai Patel
(C) Thakkarbapa (D) Ravishankar Maharaj

_________ દ્વારા પંચમહાલ ભીલ સેવા મંડળનું આયોજન કરવામાં આવ્યું હતું.

(A) મહાદેવભાઈ દેસાઈ (B) વલ્લભભાઈ પટેલ
(C) ઠક્કરબાપા (D) રવિશંકર મહારાજ

78 Indian Home rule society was founded in London by _________.

(A) Shayamji Krishna Verma (B) Madam Bhikhaiji Kama
(C) Lala Hardayal (D) Vasudev Fadke

_________ દ્વારા લંડનમાં ઇન્ડિયન હોમ રૂલ સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી.

(A) શ્યામજી કૃષ્ણ વર્મા (B) મેડમ ભીખાજી કામા
(C) લાલા હરદયાલ (D) વાસુદેવ ફડકે

79 Who among the following did not participate in the "individual Satyagraha" in Gujarat?

(A) Maniben Vallabhbhai Patel (B) Morarji Desai
(C) Dr. Chandulal Desai (D) Sardarsinh Rana

ગુજરાતમાં નીચેનામાંથી કોણે "વ્યક્તિગત સત્યાગ્રહ"માં ભાગ લીધો નહોતો?

(A) મણીબેન વલ્લભભાઈ પટેલ (B) મોરારજી દેસાઈ
(C) ડૉ. ચંદુલાલ દેસાઈ (D) સરદારસિંહ રાણા

80 Which of the following is incorrectly matched?

(A) Patan : Sahastraling Lake (B) Dholka : Malaav Lake
(C) Jamnagar : Navghan Well (D) None of above

નીચેનામાંથી કઈ જોડી ખોટી છે?

(A) પાટણ : સહસ્ત્રલિંગ તળાવ (B) ધોળકા : મલાવ તળાવ
(C) જામનગર : નવઘણની વાવ (D) ઉપરોક્ત પૈકી એકે નહિ

81 Which of the following is incorrectly matched?

(A) Champaner Fort : Pavagarh (B) Rohtas Fort : Bihar

(C) Daultabad Fort : Maharashtra (D) Janjira Fort : Assam

નીચેનામાંથી કઈ જોડી ખોટી છે?

(A) ચાંપાનેરનો કિલ્લો : પાવાગઢ (B) રોહતાસ કિલ્લો : બિહાર

(C) દૌલતાબાદ કિલ્લો : મહારાષ્ટ્ર (D) જન્જીરા કિલ્લો : આસામ

82 Rockcut Temple of Mahabalipuram is located near ________.

(A) Madurai (B) Rameshwaram

(C) Chennai (D) Tanjore

મહાબલીપુરમનું ખડકમાંથી કંડારેલું (રોક કટ) મંદિર ________ પાસે આવેલું છે.

(A) મદુરાઈ (B) રામેશ્વરમ

(C) ચેન્નઈ (D) તાંજોર

83 What is the purpose of adding baking soda to dough?

(A) To generate moisture (B) To give a good flavour

(C) To give a good color (D) To generate carbon dioxide

કણક-લોટ બાંધવામાં બેકિંગ સોડા ઉમેરવાનો શો હેતુ છે?

(A) ભીનાશ લાવવા (B) સારી લહેજત આપવા

(C) સારો રંગ આપવા (D) અંગારવાયુ પેદા કરવા

84 Regarding blood-transfusion, consider following statements :

1. Group "O" is considered universal receptor and AB is considered universal donor.
2. If Rh-positive blood is given to a patient with Rh-negative blood group, he'll survive first time but die on second transfusion.

Correct statement(s) is/are :

(A) Only 1 (B) Only 2

(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

"લોહી ચઢાવવું"ની બાબતમાં નીચેનાં વિધાનો ધ્યાનમાં લો :

1. ગ્રૂપ 'ઓ' ને સાર્વત્રિક સ્વીકારનાર અને 'એબી'ને સાર્વત્રિક દાતા ગણવામાં આવે છે.
2. જો 'આરએચ' નેગેટીવ બ્લડગ્રૂપ ધરાવતા દર્દીને 'આરએચ' પોઝીટીવ બ્લડ ચઢાવવામાં આવે તો તે પ્રથમ વખતે સાજો થઈ જશે પરંતુ બીજી વખતે લોહી ચઢાવતા મૃત્યુ પામશે.

ખરું/ખરાં વિધાન આ પ્રમાણે છે :

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2, બંને (D) એક પણ નહિ

85 The only physical quantity whose unit does not follow a metric system is ________.

(A) Distance (B) Mass

(C) Current (D) Time

એક ભૌતિક માત્રા કે જેનો એકમ મેટ્રિક પદ્ધતિને અનુસરતો નથી તે ________ છે.

(A) અંતર (B) દ્રવ્ય

(C) વીજ પ્રવાહ (D) સમય

86 When a cube of ice floating on water in a beaker melts, the level of the water in the beaker ______ .

(A) Rises (B) Falls

(C) Rises at first and then falls (D) Remains unchanged

જ્યારે બીકરમાં તરતો બરફનો ટુકડો પાણીમાં ઓગળે છે ત્યારે બીકરમાં પાણીનું સ્તર ________.

(A) ઊંચે આવે/ વધે છે.

(B) નીચું જાય / ઘટે છે.

(C) શરૂઆતમાં ઊંચે જાય/વધે છે પછી નીચું જાય/ ઘટે છે.

(D) માં કોઈ ફેરફાર થતો નથી

87 The most common use of 'silicone hydrogels' is in manufacturing of _______.

(A) Surgery Equipment (B) Contact Lenses

(C) Breast implant (D) Capsules of medicines

નીચેનામાંથી કઈ વસ્તુ/ ચીજ બનાવવા માટે 'સિલિકોન હાઈડ્રોજેલ્સ'નો સૌથી વધારે ઉપયોગ થાય છે ?

(A) વાઢકાપનાં ઓજારો/ સાધનો (B) કોન્ટેક્ટ લેન્સ

(C) સ્તન ઇમ્પ્લાન્ટ (D) દવાઓ માટેની કેપસુલ્સ

88 Most prevalent inert gas in Earth's atmosphere is _______.

(A) Krypton (B) Radon

(C) Argon (D) Helium

પૃથ્વીના વાતાવરણમાં સૌથી વધુ નિષ્ક્રિય વાયુ ________ છે.

(A) ક્રીપ્ટોન (B) રેડોન

(C) આર્ગોન (D) હિલિયમ

89 On what principle do Hydraulic Brakes work?

(A) Casini's Laws (B) Archimedes Principle
(C) Newton's Laws (D) Pascal's Principle

હાઈડ્રોલિક બ્રેક કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે?

(A) કેસીનીના નિયમો (B) આર્કિમીડીઝનો સિદ્ધાંત
(C) ન્યૂટનના નિયમો (D) પાસ્કલનો સિદ્ધાંત

90 A cotton wick dipped in pure honey when ignited with a matchstick will ________.

(A) Not burn at all (B) Burn with cracking sound
(C) Burn consistently (D) Burn with much smoke

શુદ્ધ મધમાં બોળેલી રૂનાપૂમડાવાળી સળીને દીવાસળીથી સળગાવતાં ________.

(A) બિલકુલ સળગશે નહિ. (B) તડતડ અવાજ સાથે સળગશે.
(C) એકધારી/ સતત સળગશે. (D) ખૂબ જ ધુમાડા સાથે સળગશે.

91 Chlorophyll absorbs which of the wavelength of the Sun light ?

(A) Green & Red (B) Green & Blue
(C) Red & Blue (D) Red & Yellow

ક્લોરોફિલ/ હરિત દ્રવ્ય સૂર્યપ્રકાશની કઈ તરંગલંબાઈને શોષે છે?

(A) લીલી અને લાલ (B) લીલી અને વાદળી/ભૂરી
(C) લાલ અને વાદળી/ ભૂરી (D) લાલ અને પીળી

92 Which among the following metal is highest electrical conductivity as well as highest thermal conductivity?

(A) Gold (B) Silver
(C) Platinum (D) Iron

નીચેના પૈકી કઈ ધાતુ સૌથી વધુ વિદ્યુત વાહક તેમજ ઉષ્મા વાહક છે?

(A) સોનું (B) ચાંદી
(C) પ્લેટિનમ (D) લોખંડ

93 Desert Eagle II is a bilateral exercise between Indian Airforce and ______.

(A) UAE (B) Saudi Arabia
(C) Qatar (D) Afghanistan

"ડેઝર્ટ ઈગલ- 2" એ ભારતીય વાયુ સેના અને ______ વચ્ચે દ્વિપક્ષીય કરાર છે.

(A) યુ.એ.ઈ. (B) સાઉદી અરેબિયા
(C) કતાર (D) અફઘાનિસ્તાન

94 The Motto of Rio Olympics 2016 is ________.

(A) Inspire a generation (B) One world, one dream
(C) A new world (D) None of above

રીઓ ઓલમ્પિક- 2016નું સૂત્ર ________ છે.

(A) નવી પેઢીને પ્રેરણા/ ઈન્સ્પાયર એ જનરેશન
(B) એક વિશ્વ, એક સ્વપ્ન/ વન વર્લ્ડ, વન ડ્રીમ
(C) એક નવું વિશ્વ/ એ ન્યુ વર્લ્ડ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિ

95 In June 2016, PM Narendra Modi inaugurated Salma Dam in ________ Province of Afghanistan

(A) Panjshir (B) Herat
(C) Nimruz (D) Kabul

જૂન-2016માં, માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અફઘાનિસ્તાનના ________ પ્રાંતમાં સલમા ડેમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

(A) પંજશીર (B) હેરાત
(C) નીમરુઝ (D) કાબુલ

96 Consider following statements regarding the ban imposed on Tennis star Maria Sharapova :

1. She was caught using a prohibited drug "Meldonium".
2. Her ban will extend for two years, till 2018.

The correct statement(s) is/are :

(A) Only 1 (B) Only 2
(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

ટેનિસ ખેલાડી મારિયા શારાપોવા પર પ્રતિબંધ બાબતે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો :

1. તેણી પ્રતિબંધિત ડ્રગ "મેલ્ડોનિયમ"નું સેવન કરતાં પકડાઈ ગઈ હતી.
2. તેણીને માટેનો પ્રતિબંધ બે વર્ષ માટે, એટલે કે 2018 સુધી રહેશે.

ખરું/ખરાં વિધાન આ પ્રમાણે છે :

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2, બંને (D) એક પણ નહિ

97 "Half Lion" is the biography of ________ authored by Vinay Sithapathi.

(A) Sharad Pawar (B) P. V. Narsimharao
(C) Dr. Kalam (D) Pranab Mukherjee

"હાફ લાયન" એ વિનય સીતાપતિ દ્વારા લખાયેલી ________ નું જીવનવૃત્તાંત છે.

(A) શરદ પવાર (B) પી.વી. નરસિંહરાવ
(C) ડૉ. કલામ (D) પ્રણવ મુખરજી

98 Consider following statements about Jnanpith Award :

1. It is meant for Indian literateurs who write in Indian or European languages.
2. The recipient of Jnanpith Award 2015 is Raghuveer Chaudhary.

The correct statement(s) is/are :

(A) Only 1 (B) Only 2

(C) Both 1 and 2 (D) Neither 1 nor 2

જ્ઞાનપીઠ એવોર્ડ બાબતે નીચેનાં વિધાન ધ્યાનમાં લો :

1. તે ભારતીય લેખકો માટે છે, જેઓ ભારતીય અથવા યુરોપિયન ભાષાઓમાં લખે છે.
2. જ્ઞાનપીઠ એવોર્ડ 2015 મેળવનાર, શ્રી રઘુવીર ચૌધરી છે.

ખરું/ખરાં વિધાન આ પ્રમાણે છે :

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2, બંને (D) એક પણ નહિ

99 Who was Poornimaben Pakvasa?

(A) She was known as Didi of Dangs.

(B) Recipient of Magsaysay award.

(C) Renowned classical singer of Carnatic Music.

(D) None of the above

પૂર્ણિમાબેન પકવાસા કોણ હતા?

(A) તેઓ ડાંગનાં દીદી તરીકે જાણીતાં હતાં.

(B) તેઓએ મેગસેસે એવોર્ડ મેળવેલ છે.

(C) કર્ણાટકી સંગીતનાં જાણીતા શાસ્ત્રીય ગાયિકા.

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિ

100 2016 is the $400^{th}$ death anniversary of _________.

(A) Shakespeare and Charles Dickens

(B) Shakespeare and Thomas Hardy

(C) Shakespeare and Miguel de Cervantes (the author of 'Don Quixote')

(D) Only Shakespeare

2016 એ ______ની 400મી પુણ્યતિથિનું વર્ષ છે.

(A) શેક્સપિયર અને ચાર્લ્સ ડિકન્સ

(B) શેક્સપિયર અને થોમસ હાર્ડી

(C) શેક્સપિયર અને મિગ્યુલ દી સર્વાન્ટીઝ ('ડોન કવીક્ઝોટ'ના લેખક)

(D) માત્ર શેક્સપિયર

| CSSC-GS-I-VRS-2016 | | | | |
|---|---|---|---|---|
| QUE | ANS_A | ANS_B | ANS_C | ANS_D |
| 1 | B | B | C | D |
| 2 | D | C | A | C |
| 3 | C | D | D | D |
| 4 | B | C | D | B |
| 5 | C | D | B | D |
| 6 | C | A | B | D |
| 7 | C | D | C | B |
| 8 | D | B | B | C |
| 9 | A | C | C | D |
| 10 | B | C | D | C |
| 11 | A | A | C | C |
| 12 | D | A | C | B |
| 13 | C | C | B | A |
| 14 | C | A | C | C |
| 15 | D | D | B | B |
| 16 | B | C | B | C |
| 17 | C | C | C | B |
| 18 | D | A | D | B |
| 19 | C | D | B | A |
| 20 | A | C | D | C |
| 21 | A | D | C | B |
| 22 | A | C | D | D |
| 23 | B | D | C | C |
| 24 | C | B | C | B |
| 25 | D | D | B | C |
| 26 | D | D | D | C |
| 27 | B | B | A | C |
| 28 | C | C | A | D |
| 29 | D | D | D | A |
| 30 | C | C | B | B |
| 31 | C | C | B | A |
| 32 | A | B | C | D |
| 33 | D | A | D | C |
| 34 | D | C | C | C |
| 35 | B | B | D | D |
| 36 | B | C | A | B |
| 37 | C | B | D | C |
| 38 | B | B | B | D |
| 39 | C | A | C | C |
| 40 | D | C | C | A |
| 41 | C | B | A | A |
| 42 | C | D | A | A |
| 43 | B | C | C | B |
| 44 | C | B | A | C |
| 45 | B | C | D | D |
| 46 | B | C | C | D |
| 47 | C | C | C | B |
| 48 | D | D | A | C |
| 49 | B | A | D | D |
| 50 | D | B | C | C |

| | | | | |
|---|---|---|---|---|
| 51 | C | A | D | C |
| 52 | D | D | C | A |
| 53 | C | C | D | D |
| 54 | C | C | B | D |
| 55 | B | D | D | B |
| 56 | D | B | D | B |
| 57 | A | C | B | C |
| 58 | A | D | C | B |
| 59 | D | C | D | C |
| 60 | B | A | C | D |
| 61 | B | A | C | C |
| 62 | C | A | B | C |
| 63 | D | B | A | B |
| 64 | C | C | C | C |
| 65 | D | D | B | B |
| 66 | A | D | C | B |
| 67 | D | B | B | C |
| 68 | B | C | B | D |
| 69 | C | D | A | B |
| 70 | C | C | C | D |
| 71 | A | C | B | C |
| 72 | A | A | D | D |
| 73 | C | D | C | C |
| 74 | A | D | B | C |
| 75 | D | B | C | B |
| 76 | C | B | C | D |
| 77 | C | C | C | A |
| 78 | A | B | D | A |
| 79 | D | C | A | D |
| 80 | C | D | B | B |
| 81 | D | C | A | B |
| 82 | C | C | D | C |
| 83 | D | B | C | D |
| 84 | B | C | C | C |
| 85 | D | B | D | D |
| 86 | D | B | B | A |
| 87 | B | C | C | D |
| 88 | C | D | D | B |
| 89 | D | B | C | C |
| 90 | C | D | A | C |
| 91 | C | C | A | A |
| 92 | B | D | A | A |
| 93 | A | C | B | C |
| 94 | C | C | C | A |
| 95 | B | B | D | D |
| 96 | C | D | D | C |
| 97 | B | A | B | C |
| 98 | B | A | C | A |
| 99 | A | D | D | D |
| 100 | C | B | C | C |